(અ) પાઘડીના મૂલ્યાંકનને અસર કરતા પરિબળો સમજાવો. (૧૦)

(બ) પાઘડીની ગણતરીની જુદી જુદી પ્રધ્ધતિઓ સમજાવો. (૦૫)

પ્રશ્ન - ૨ રાજવી લિમિટેડનું તા. ૩૧-૩-૨૦૧૮ ના રોજનું પાકુ સરવૈયું નીચે પ્રમાણે છે. (૧૫)

| જવાબદારીઓ | રૂ. | મિલકતો | | રૂ. |
|---|---|---|---|---|
| ૧૦ % ના ૩૦૦૦૦ પ્રેફરન્સ દરેક રૂ. ૧૦ નો તેવા | ૩,૦૦,૦૦૦ | પાઘડી | | ૫૦,૦૦૦ |
| ૬૦૦૦૦ ઈક્વિટી શેર દરેક રૂ.૧૦ નો તેવા | ૬,૦૦,૦૦૦ | મકાન<br>- ઘસારો | ૬,૦૦,૦૦૦<br>૩૦,૦૦૦ | ૫,૭૦,૦૦૦ |
| સામાન્ય અનામત | ૧,૫૦,૦૦૦ | યંત્રો<br>- ઘસારો | ૪,૦૦,૦૦૦<br>૫૦,૦૦૦ | ૩,૫૦,૦૦૦ |
| નફા-નુકસાન ખાતું | ૨૦,૦૦૦ | ફર્નિચર | | ૪૦,૦૦૦ |
| ૧૫ % ના ડિબેન્ચર | ૨,૦૦,૦૦૦ | રોકાણો<br>ગૌણ કંપનીના શેર<br>૧૦% ના x લિ. ના ડિબેન્ચર<br>(દાર્શનિક કિંમત ૮૦,૦૦૦ વ્યાજ કરપાત્ર) | <br>૩૦,૦૦૦<br><br>૬૦,૦૦૦ | ૯૦,૦૦૦ |
| પ્રોવિડન્ટ ફંડ | ૪૦,૦૦૦ | સ્ટોક | | ૧,૫૦,૦૦૦ |
| લેણદારો | ૬૦,૦૦૦ | દેવાદારો | | ૫૦,૦૦૦ |
| દેવીહુંડીઓ | ૩૦,૦૦૦ | રોકડ | | ૧,૦૦,૦૦૦ |
| | ૧૪,૦૦,૦૦૦ | | | ૧૪,૦૦,૦૦૦ |

વધારાની માહિતી :

૧) મકાનની હાલની બજાર કિંમત રૂ. ૭,૫૦,૦૦૦ છે.

૨) કંપનીનો સરેરાશ નફો (૫૦% લેખે કર બાદ કર્યા પહેલાનો) રૂ. ૩,૦૦,૦૦૦ છે.

૩) અપેક્ષિત વળતરનો દર ૧૦% ગણાય છે.

૪) કંપનીની પાઘડીની કિંમત રૂ. ૯૦,૦૦૦ આંકવામાં આવી છે.

ઉપરની માહિતી પરથી કંપનીના ઈક્વિટી શેરની વાજબી કિંમત શોધો.

અથવા

(અ) જયેશ કંપની લિમિટેડનું તા. ૩૧-૩-૨૦૧૮ ના રોજનું પાકું સરવૈયું નીચે પ્રમાણે છે. (૮)

| જવાબદારીઓ | રૂ. | મિલકતો | રૂ. |
|---|---|---|---|
| ૮% ના પ્રે.શેર દરેક રૂ. ૧૦૦ નો એક એવા ૬૦૦૦ | ૬,૦૦,૦૦૦ | કાયમી મિલકતો | ૧૦,૦૦,૦૦૦ |
| ઈક્વિટી શેર ૧૦,૦૦૦ દરેક રૂ. ૧૦૦ નો | ૧૦,૦૦,૦૦૦ | ચાલુ મિલકતો | ૮,૦૦,૦૦૦ |
| સામાન્ય અનામત | ૨,૦૦,૦૦૦ | પ્રાથમિક ખર્ચા | ૨,૦૦,૦૦૦ |
| ઘસારા ફંડ | ૫૦,૦૦૦ | | |
| લેણદારો | ૧,૦૦,૦૦૦ | | |
| દેવીહુંડીઓ | ૫૦,૦૦૦ | | |
| | ૨૦,૦૦,૦૦૦ | | ૨૦,૦૦,૦૦૦ |

અન્ય માહિતી :-

૧) કાયમી મિલકતોની કિંમત રૂ. ૧૫,૦૦,૦૦૦ આંકવામાં આવી હતી.

૨) ચાલુ મિકલતોની કિંમત રૂ. ૧૦,૦૦,૦૦૦ આંકવામાં આવી હતી.

૩) પ્રેફરન્સ શેર હોલ્ડરોને મૂડી તથા ડિવિડન્ડ મેળવવાનો પ્રથમ અધિકાર છે.

ચોખ્ખી મિલકતના ધોરણે ઈક્વિટી શેરની કિંમત શોધો.

(બ) શેરનું મુલ્યાંકન એટલે શું ? શેરના મૂલ્યાંકનને અસર કરતાં પરિબળો સમજાવો. (૭)